જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૦૨/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૨૬૬ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને એક ઓટોરિક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૮/૧૬**

**મણીનગરઃ** નીતાબહેન બાબુભાઈ જાદવ (રહે.ગામ કનીજ રોહીતવાસ તાલુકો મહેમદાવાદ જીલ્લો ખેડા) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે મણીનગર ધનલક્ષ્મી સોસાયટી સદન એપાર્ટમેન્ટ ખાતેથી પોતાની પુત્રી ક્રિષ્ના (ઉ.વ.૧૭) ને મહેમદાવાદનો અજાણ્યો છોકરો લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એન એસ દેસાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** શબાનાબાનુ ઈસરાદઅહેમદ અંસારી (રહે.બારાસાચાની નવી ચાલી તૌફીક બેકરીની પાછળ ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી ગુલેમુસકાન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૯/૧૬**

**વાડજઃ** અતુલ જેરામભાઈ પરમાર (રહે.પુરુષાર્થનગર ઝવેરીપાર્કની બાજુમાં જુનાવાડજ) એ (શુસાઈટ નોટ ના આધારે) તા.૩૧/૧/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પિતાએ સુરેશભાઈ લખુભાઈ પરમાર (રહે.તુલસીનગર જુનાવાડજ) ને પાંચ લાખ રૂપિયા આપેલ જેની ઉઘરાણી કરવા છતા પરત નહી આપતા કંટાળી જઈ પોતાના પિતા જેરામભાઈએ તા.૩૦/૧૨/૧૫ નારોજ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૧૬**

**વેજલપુરઃ** નરેશભાઈ દશરથભાઈ પટેલ (રહે.એ/૨ ફ્લેટ એસ/૨ કિર્તીધામ ફ્લેટ વિવેકાનંદ પાર્ટી પ્લોટની બાજુમાં વેજલપુર) એ તા.૧/૨/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૩૧/૧/૧૬ સવારના ૫/૦૦ વાગ્યા દરમયાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એ બી વાળંદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૩૧/૧૬**

| | |
|---|---|
| **ઈસનપુરઃ** ચક્ષુબહેન કૌશલ પંડ્યા (ઉ.વ.૨૯) (રહે.સ્વામિનારાયણ સોસાયટી રામવાડી બસ સ્ટેન્ડ પાસે ઈસનપુર) તા.૨૮/૧૨/૧૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ ૧ ઈંચ છે. (ઈસનપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૩૦૧૮૦) |  |
| **જીઆઈડીસી વટવાઃ** સુનિતાબહેન રામસિંગ ઠાકુર (ઉ.વ.૧૪) (રહે. મચ્છુનગર કેનાલ પાસે ટોરન્ટ પાવરની સામે જીઆઈડીસી વટવા) તા.૯/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. ( જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૩૦૦૦૪) |  |
| **રામોલઃ** શિવાંગી નરેન્દ્રસિંગ રાજપુત (ઉ.વ.૧૫)(રહે. માધવપાર્ક સોસાયટી વિભાગ-૨ માધવ સ્કૂલની સામે વસ્ત્રાલ રામોલ) તા.૧૭/૧/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. વાદળી રંગનું ટોપ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. જમણા પગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૨ ઈંચ છે.(રામોલ પોલીસ સ્ટેશન ફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** મીતેશભાઈ દશરથભાઈ પટેલ (ઉ.વ.૩૩)(રહે.ગેલેક્ષી સિગ્નેચર સાયન્સ સીટી રોડ સોલા) તા.૮/૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પેન્ટ-શર્ટ પહેર્યા છે. ગળામાં ડાબી બાજુ સફેદ દાઘ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **ઘાટલોડીયાઃ** દિનેશભાઈ શંકરલાલ પટેલ (ઉ.વ.૫૮) (રહે.પારસમણી સોસાયટી કર્મચારીનગર સોસાયટીની બાજુમાં રત્નાપાર્ક ઘાટલોડીયા) તા.૧૫/૧/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ લીટીવાળુ શર્ટ અને બ્રાઉન રંગનુ પેન્ટ પહેર્યુ છે. ગળાના ભાગે જુનુ વાગેલાનુ નિશાન અને પીઠના ભાગે લાખા છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| **રખિયાલ :** રેશ્માબહેન નિલેશભાઈ મકવાણા (ઉ.વ.૨૬)(રહે.જી કોલોની સુખરામનગર રખિયાલ) તા.૨૬/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂન રંગનો ડ્રેસ અને કાળા રંગનું સ્વેટર પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.( રખિયાલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૪૩૬૦૯) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)